


પૂર્વ ભારતની સંસ્કૃતિ - સેવન સિસ્ટર્સ ગણાતા પૂર્વ ભારતના સિક્કીમ, મણીપુર, મીઝોરમ જેવા પર્વતીય વિસ્તારોમાં વિકસેલી લોકસંસ્કૃતિની અભિવ્યક્તિ શનિવારની સાંજે સંસ્કૃતિ કુંજમાં વ્યક્ત થઈ.... ઘેર બેઠા ગંગાની જેમ સમગ્ર પૂર્વ ભારતની સંસ્કૃતિને એકી બેઠકે જાણવાની અને માણવાની તક તો માત્ર ગાંધીનગરના સંસ્કૃતિ કુંજમાં જ મળે છે... કેવી અદભૂત ક્ષણો અને કેવો અદભૂત લ્હાવો માત્ર ને માત્ર સદભાગી કલાપ્રેમીઓને થઈ શકે છે...

## સરગાસણમાં કોરોનાનો એક કેસ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરમાં કોરોનાનો વધુ એક કેસ નોંધાયો છે. જ્યારે આજે સતત ત્રીજે દિવસે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. જિલ્લા-શહેરમાં કોરોનાના સંક્રમણની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે અને રિકવરી રેટ ૯૬ ટકાને પાર કરી ગયો હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

શહેરમાં સમાવિષ્ટ સરગાસણ ગામમાં આજે ૩૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. શહેરમાં આજે નોંધાયેલ કેસ સાથે એક્ટીવ કેસની સંખ્યા ૭ થઈ છે. શહેર-જિલ્લામાં એક્ટીવ કેસોની સંખ્યા ૧૫ થી નીચે ગઈ હોવાથી તંત્રએ રાહતનો દમ લીધો છે. જે એક્ટીવ કેસો હાલ સારવાર હેઠળ છે એ પૈકીના મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોનું અમલીકરણ અસરકારક રીતે કરવા સૂચનાઓ આપી છે.

# સચિવાલયથી ઉપડેલી પોઈન્ટની બસના ડ્રાઈવરનુ હાર્ટ એટેકથી મૃત્યુ

### અડાલજ પાસે બસ પહોંચતા ચાલુ બસે ૪૮ વર્ષીય ડ્રાઇવરને છાતીમાં દુખાવો શરૂ થતા બસ સાઇડમાં રોકી દીધી જેના લીધે અકસ્માત ટાળી શકાયો

ગાંધીનગર તા ૨૦

સચિવાલય પોઈન્ટ બસ સેવામાં દોડતી સચિવાલયથી કડી રૂટની બસમાં ગઈકાલે બસના ડ્રાઈવરને ચાલુ બસે હ્દય રોગનો હુમલો આવતા અડાલજ પાસે બસ સાઈડમાં રોકી દેવામાં આવી હતી જો કે બસ સ્ટોપ કરી દેવાતા સદનસીબે કોઈ અકસ્માત થયો ન હતો પરંતુ હદય રોગના હુમલામાં કડીના ૪૮ વર્ષીય ડ્રાઈવરે જીવ ગુમાવ્યો હતો.

બનાવની પ્રાપ્ય વિગત અનુસાર ગાંધીનગર અમદાવાદ વચ્ચે દોડતી શહેરી બસ સેવા સહીત સવારે અને સાંજના સમયે સચિવાલયના કર્મચારીઓ માટે પોઈન્ટની બસ સેવા પણ કાર્યરત છે. જ્યારે ગઈકાલે કડી

● અનુસંધાન પાન-૭ પર

# ક્લાયમેન્ટ ચેઈન્જ અને જાહેર આરોગ્યને લઈ કોમ્યુનીટી હેલ્થ ઓફિસરોને આજે તાલિમ અપાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં આજે આરોગ્યતંત્ર દ્વારા કોમ્યુનીટી હેલ્થ ઓફિસરો માટે વિશિષ્ટ તાલિમ વર્ગનું આયોજન કરવામાં આવ્યુ છે.

જિલ્લાના ૧૨૫ થી વધુ કોમ્યુનીટી હેલ્થ ઓફિસરોની આ એક દિવસીય તાલિમ શિબિરમાં કુતરાઓનો હડકવા, ક્લાઈમેન્ટ ચેઈન્જની અસરો અને ગરમીના રોગચાળાના લક્ષણો અને તેની સારવાર પદ્ધતિઓ સહિતના મુદ્દાઓ પર તાલિમ આપવામાં આવશે.

ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે ત્યારે લોકોએ શું ધ્યાન રાખવું જોઈએ, ગરમીને કારણે થતા રોગચાળાના લક્ષણો ખાસ કરીને પાણીજન્ય રોગચાળાના કેસો ના ઉદ્દભવે તેમજ જાહેર આરોગ્યની જાળવણીને લઈ જાણકારી આપવામાં આવશે.

કૂતરા કરડવાની ઘટનાઓ તેમજ કૂતરાઓમાં હડકવાની વાત અંગે પણ વિસ્તૃત વાતો આ શિબિરમાં કરવામાં આવશે.

જિલ્લામાં ક્લાઈમેન્ટ ચેઈન્જની અસરો અને જનજીવન એ વિશે પ્રથમવાર આ ઓફિસરોને તાલિમ આપવામાં આવનાર છે. આ તાલિમ શિબિરમાં કોરોના વેક્સીનેશન સહિતના મુદ્દાઓને પણ આવરી લેવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ૧૨ થી ૧૪ વયજૂથમાં માત્ર ૧૦ ટકા વેક્સિનેશન

### પરીક્ષાના માહોલને લઈ વેક્સીન માટે વિદ્યાર્થીઓ ઉદાસીન બન્યા : ૧૨ થી ૧૪ વર્ષના વયજૂથમાં ઉદાસીનતા વધુ : પ્રિકોશન ડોઝમાં પણ ઉદાસીનતા જોવા મળી રહી છે

ગાંધીનગર, તા. ૨૦

પરીક્ષાનો માહોલ છવાયો હોઈ શહેર-જિલ્લામાં કોરોનાના વેક્સીનેશનની કામગીરી પ્રમાણમાં થોડીક ધીમી પડી છે.

ખાસ કરીને ૧૨ થી ૧૪ વર્ષના બાળકોના શરૂ થયેલા રસીકરણ અભિયાનમાં પ્રમાણમાં ધીમો પ્રતિસાદ જોવા મળી રહ્યો છે. આ અંગે વાલીઓ અને બાળકો બન્ને ઉદાસીનતા દાખવી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ૧૨ થી ૧૪ વર્ષની વયજૂથમાં શહેરમાં ૧૦ ટકા જેટલુ વેક્સીનેશન થયુ છે તો ગ્રામીણ વિસ્તારમાં ૨૩ ટકા જેટલુ વેક્સીનેશન થવા પામ્યુ છે. પરીક્ષાઓ નજીકમાં હોવાથી વાલીઓ બાળક વેક્સીન લે તે વાતને લઈ ઉદાસીન છે. એક તરફ ગરમીનો પ્રકોપ છે અને બાળક માંદુ પડે અથવા તાવ આવે તેવુ વાલીઓ ઈચ્છતા નથી આથી વેક્સીનેશનને લઈ ઉદાસીનતા જોવા મળી રહી છે.

શહેર-જિલ્લામાં પ્રિકોશન ડોઝની કામગીરી પ્રમાણમાં પણ ધીમી પડી છે. ગ્રામીણ વિસ્તારમાં ડ્યુ ઝોડની સામે ૭૭ થી ૮૦ ટકા જેટલુ વેક્સીનેશન થયુ છે. તો શહેરમાં પણ આટલુ જ વેક્સીનેશન નોંધાયુ છે.

૧૮ + માં શહેર-જિલ્લામાં ૧૦૦ ટકા કામગીરી સંપન્ન કરવામાં તંત્રને સફળતા મળી છે. ૧૫ થી ૧૮ વર્ષના વયજૂથમાં પ્રથમ ડોઝની શહેરમાં ૯૮ ટકા તો ગ્રામીણ વિસ્તારમાં ૧૦૦ ટકા કામગીરી થઈ છે. પરંતુ બીજા ડોઝમાં ગ્રામીણમાં ૯૦ ટકા અને શહેરમાં ૮૦ ટકા જેટલી કામગીરી થઈ છે.

આમ પરીક્ષાનો માહોલ છવાયો હોઈ વિદ્યાથીઓમાં વેક્સીનેશનને લઈ થોડીક ઉદાસીનતા જરૂર જોવા મળી રહી છે. જોકે આખા રાજ્યમાં આ મુદ્દો ચિંતાનો વિષય બન્યો છે. કેન્દ્ર સરકારે પણ તાજેતરમાં રાજ્યોને પત્ર લખી વેક્સીનેશનની કામગીરીને વધુ પુશ અપ કરવામાં આવે તે વાતને લઈ ખાસ ભાર મુકેલ છે.

કોરોનાનું સંક્રમણ ઘટી ગયુ હોવાથી પણ થોડીક અસરો વેક્સીનેશનના કાર્યક્રમને થઈ હોવાનું તંત્રના સૂત્રો આડકતરી રીતે સ્વીકારી રહ્યા છે.

# શાંતિપૂર્ણ માહોલમાં હેડ કલાર્કની પરીક્ષા પૂર્ણ થઈ

### ડિસેમ્બરમાં પેપર ફૂટતા પરીક્ષા રદ કરાઈ હતી : ૧૮૬ જગ્યા માટે રાજ્યના મુખ્ય ૭ જિલ્લાના ૭૮૬ કેન્દ્રો પર પરીક્ષા લેવા માટે વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી

ગાંધીનગર, તા.૨૦

રવિવારે ગૌણ સેવા પસંદગી મંડળની હેડ કલાર્કની પરીક્ષા યોજાઈ હતી, જે શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર ૧૮૬ જગ્યા માટે રાજ્યના મુખ્ય સાત જિલ્લાના ૭૮૬ કેન્દ્રો પર પરીક્ષા લેવા માટે વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, ગત



ડિસેમ્બરમાં પેપર લીક થતાં હેડ કલાર્કની પરીક્ષા રદ કરાઈ હતી. જો કે, ફરીથી પરીક્ષાનું આયોજન કરાતા ઉમેદવારોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. રવિવારે લેવાયેલી પરીક્ષામાં કોઈ ગેરરીતિ થઈ હોય તેવા કોઈ અહેવાલ હજી સુધી મળ્યા નથી. એટલે એવું કહી શકાય છે કે, પરીક્ષા સારી રીતે સંપન્ન થઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર પેપરને લઈને કોઈ ગેરરીતિ ન થાય તેના માટે ખાસ નિર્દેશ અપાયા હતા. ડિસેમ્બરમાં પેપર ફૂટતા પરીક્ષા મોકૂફ રખાઈ હતી અને હવે ફરીથી યોજાતા સંપન્ન થઈ. પરીક્ષા પૂર્ણ થયા બાદ પરીક્ષાર્થીઓ જણાવ્યું કે, પેપર લીક થયા બાદ સરકારે જે પગલાં લીધે તેના અમે ખુશ છીએ પરંતુ હજી પણ અમારી રિકવેસ્ટ છે કે, પેપર લીક ન થાય તે માટે કડક કાયદો લાવવામાં આવે જેથી કોઈ આવું કૃત્ય કરતા પહેલા પણ બે વાર વિચાર કરે. હેડ કલાર્કની જ નહીં પરંતુ બધી પરીક્ષાઓ આ રીતે જ લેવામાં આવે તેવું અમે ઈચ્છીએ છીએ.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા રવિવારે લેવામાં આવનાર હેડ કલાર્કની પરીક્ષામાં પેપર ફુટવાની કે ગેરરિતીની કોઈ ઘટના ન બને તે માટે ફુલપ્રૂફ આયોજન કરવામાં આવ્યુ હતું. પરીક્ષાનાં પેપરો ટ્રેઝરીનાં સ્ટ્રોંગરૂમમાં રાખવામાં આવ્યા હતા. આજે લેવાયેલી પરીક્ષા જીપીએસસી પેટર્નથી લેવામાં આવી હતી. જેનાથી વિદ્યાર્થીઓ પણ સંતુષ્ટ હોવાનું જાણવા મળ્યું છે.

હેડ કલાર્કની પરીક્ષામાં કુલ ૨૦૦ માર્કસનાં પેપરમાં ૨૦૦ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. દરેક કેન્દ્રો પર સુપરવાઈઝર ઉપરાંત મંડળનાં પ્રતિનિધિ હાજર રહ્યા. બપોરે ૧૨થી ૨ દરમિયાન ઓએમઆર પદ્ધતિતી પરીક્ષા લેવાઈ. પરીક્ષાર્થીઓને એક કલાક વહેલા એટલે કે સવારે ૧૧ કલાકે કેન્દ્રની અંદર પ્રવેશ આપવામાં આવ્યો હતો. પરીક્ષા ખંડમાં મોબાઈલ કે કોઈ પણ પ્રકારનાં ઈલેક્ટ્રોનિક ગેઝેટ લઈ જવા દેવામાં આવ્યા નહોતા.

# નગરની ફુટપાથ અને વન આરક્ષિત વિસ્તારમાં કચરાના ઢગ ખડકાયા

### પાનખરના અંતે શહેરમાં સફાઇના અભાવે ઠેર ઠેર ઉકરડા અસ્તિત્વમાં આવ્યા : વન આરક્ષિત વિસ્તારની તુટેલી ફેન્સીંગ વચ્ચે દબાણો અને રખડતા ઢોરની સમસ્યા પેચીદી બની

ગાંધીનગર તા ૨૦

શહેરના સેકટરોમાં છેલ્લા ઘણાં સમયથી સફાઈના અભાવે ઠેર ઠેર કચરાના ઢગ જોવા મળે છે. શહેરના મુખ્યમાર્ગો સહીત સેકટરોના એપ્રોચ પાસે કચરાના ઢગ ખડકાયા છે. ફુટપાથ પરના ગાબડા હજુ પુરાયા નથી ત્યારે કચરાના ઢગથી ઢંકાયેલી ફુટપાથ રાહદારીઓ માટે વધુ જોખમી બની છે. નગરના વન આરક્ષિત વિસ્તારમાં પણ સફાઈના અભાવે ગંદકીના થર જામ્યા છે. શહેરના રહેણાંક વિસ્તાર નજીક પણ ઠેર ઠેર ઉકરડા અસ્તિત્વમાં આવતા સ્થાનિકો ત્રાહીમામ પોકારી ગયા છે.



ગાંધીનગરમાં છેલ્લા ઘણાં સમયથી સેકટરોમાં શેરી સફાઈના નામે મીંડુ ચિતરાયેલુ છે. નજર નાંખો ત્યાં કચરાના ઢગ જોવા મળી રહ્યા છે. શહેરના સેકટરોમાં રખડતા ઢોરની સમસ્યા વર્ષોના અંતે પણ યથાવત છે. જેના લીધે સેકટરોના કોમન પ્લોટસ અને જાહેર રસ્તાઓ પર રખડતા ઢોર જોવા મળી રહ્યા છે. આમ નાગરિકોની સલામતી અને ગંદકીનો પ્રશ્ન પણ વધુ જટીલ બન્યો છે. આ ઉપરાંત નગરના વન આરક્ષિત વિસ્તારમાં પણ હરિયાળીને નુકશાન પહોંચે તેવી સ્થિતિ છે. વધતા દબાણો વચ્ચે રખડતા ઢોર અને ગંદકીની સમસ્યા આ વિસ્તારમાં પણ હદ વટાવી ગઈ છે. લાંબા સમયથી દબાણો તો દુર થતા નથી જયારે ફેન્સીંગ પણ તુટેલી હાલતમાં છે જેના લીધે વન આરક્ષિત વિસ્તાર મોટા ભાગના ઠેકાણે ખુલ્લો થઈ ગયો છે. આ સ્થિતિ વચ્ચે ઠેર ઠેર કચરો ખડકાયેલો જોવા મળે છે. નવા રોપાઓની વાવણી સાથે તેની જાળવણી મામલે પણ અનેક



સવાલો મંડરાયા છે. એકબાજુ શહેરમાં પાણી ગટરની નવી લાઈન નાંખવા માટે ઘણાં વૃક્ષો તેમજ રોપાઓની કટોતી કરવામાં આવનાર છે. ત્યારે હરિયાળીની સામે વિકાસના નામે ખતરો સતત મંડરાયેલો છે. તો બીજીતરફ સ્વચ્છતાના વધતા દબાણો અને ગંદકી સાથે રખડતા ઢોરની સમસ્યા પણ વધુ પેચીદી બનતા હરિયાળી વેરણછેરણ થઈ રહી છે. પાનખરના અંતે શહેરમાં ઠેર ઠેર કચરના ઢગ જોવા મળે છે. આમ છતા કોર્પોરેશનના તંત્ર દ્વારા

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · ASTRAL PIPES · PRINCE PIPING SYSTEMS · Jaquar experience bathing · DR. FIXIT · Birla White THE WHITEST WHITE CEMENT · ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# ગાંધીનગર ડેપોએ હોળી ધુળેટીમાં વધારાની ૧૨૦ ટ્રીપો દોડાવી ૧૯ લાખની આવક કરી

### હોળી ધુળેટીના ચાર દિવસ દરમિયાન ડેપોએ દાહોદ, ગોધરા, સંતરામપુર સહીતના રૂટોમાં વધુ બસો દોડાવી

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગર એસ ટી ડેપોએ હોળી ધુળેટીના પર્વ દરમિયાન વધારાની બસો દોડાવી તગડી આવક કરી છે. જેમાં ડેપો કક્ષાએથી પર્વને અનુલક્ષી ચાર દિવસ માટે દાહોદ , ઝાલોદ અને ગોધરા સહીતના રૂટોમાં ટ્રાફિકને પહોંચી વળવા માટે વધારાની બસ દોડાવી હતી. ડેપો કક્ષાએથી ૧૨૦ ટ્રીપો દોડવામાં આવી હતી જેના અંતે ડેપોને અંદાજિત રૂ ૧૯ લાખની વધુ આવક થઈ છે.

ગાંધીનગર એસ ટી ડેપોએ હોળી ધુળેટીના પર્વ દરમિયાન દાહોદ , ઝાલોદ ગોધરા સહીતના રૂટોમાં વધારાની ૧૨૦ ટ્રીપો દોડાવી તગડી આવક કરી છે. હોળી ધુળેટીના પર્વ દરમિયાન આ રૂટમાં મુસાફરોની વિશેષ અવરજવર રહે છે. ગાંધીનગરથી પણ દાહોદ ઝાલોદ તરફ જતા મુસાફરોની સંખ્યા વિશેષ રહેતા એસ ટી ડેપો દ્વારા દરવર્ષે વધારાની બસ સેવા શરૂ કરવામાં આવે છે. આ વર્ષે કોરોનાનુ સંક્રમણ પણ ન હોવાથી હોળી ધુળેટીના પર્વને અનુલક્ષી નગરજનોમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો જેના લીધે વતનમાં જવા માટે પણ બસ સહીત ખાનગી વાહનોમાં પણ ભીડ જોવા મળી હતી.

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com